તાપમાન
મહત્તમ : ૩૪.૫ ડીગ્રી
લઘુતમ : ૨૫.૫ ડીગ્રી
ભેજ
સવારે ૮૪ ટકા ● સાંજે ૫૯ ટકા

ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૩૧) અંક નં. ૧૯૪ | ૨૪ સપ્ટેમ્બર, ૨૦૧૬, શનિવાર ; ભાદરવા વદ - ૯ | પાનાં - ૮ કિંમત રૂ. ૧.૮૦

રાજ્યમાં ૧૦ ટકા આર્થિક અનામત સ્થગિત

ગુજરાત સરકારે ક્વોટા મુદ્દે આખરે પીછેહઠ કરી : ગુજરાત હાઈકોર્ટ અને સુપ્રીમ કોર્ટ સુધી મામલો પહોંચ્યા બાદ અંતે ક્વોટા સ્થગિત

અમદાવાદ,તા. ૨૩

એક મહત્વપૂર્ણ ઘટનાક્રમમાં મુખ્યમંત્રી વિજય રૂપાણીના નેતૃત્વમાં ગુજરાત સરકારે આજે ૧૦ ટકા ઈબીસી ક્વોટાને રદ કરવાની જાહેરાત કરી હતી. આની સાથે જ આ સંદર્ભમાં ચાલી રહેલી અટકળોનો પણ અંત આવી ગયો હતો. છેલ્લા ઘણા સમયથી આ મામલો કોર્ટમાં અટવાયો હતો. અત્રે ઉલ્લેખનીય છે કે, ચોથી ઓગસ્ટના દિવસે ગુજરાત સરકારને મોટો ફટકો પડ્યો હતો. કારણ કે ગુજરાત હાઈકોર્ટે શિક્ષણ અને પ્રવેશમાં ઉંચી જાતિની અંદર આર્થિકરીતે પછાત લોકો માટે ૧૦ ટકા ક્વોટા આપવાના ગુજરાત સરકારના વટહુકમને રદ કરી દીધો હતો. કોર્ટે ઠેરવ્યું હતું કે, આર્થિક વર્ગના આધાર પર કોઈપણ ક્વોટાને મંજુર કરી શકાય નહીં. કારણ કે, બંધારણમાં આવી કોઈપણ જોગવાઈ પણ રહેલી નથી. બંધારણ સામાજિકરીતે પછાત અને અનૂસૂચિત જાતિ તથા અનુસૂચિત જનજાતિને ક્વોટાની મંજુરી આપે છે. ગુજરાત સરકારે લાવેલો વટહુકમ બંધારણ અને મૂળભૂત અધિકારોની વિરુદ્ધમાં છે. હાઈકોર્ટ બાદ મામલો સુપ્રીમ કોર્ટમાં પણ પહોંચ્યો હતો. સુપ્રીમ કોર્ટે આ મામલો ગુજરાત સરકાર ફટકો આપ્યા બાદથી એમ માનવામાં આવી રહ્યું હતું કે, ગુજરાત સરકારને ૧૦ટકા ઈબીસી ક્વોટાને રદ કરવાની ફરજ પડશે અને આજે ધારણા પ્રમાણે જ ઈબીસી નિર્ણયને સ્થગિત કરનાર જાહેરનામુ સામાન્ય વહીવટી વિભાગ દ્વારા જારી કરવામાં આવ્યું હતું. રાજ્ય સરકારે આ સંદર્ભમાં હાઈકોર્ટમાં અગાઉ અપીલ કરી હતી જે અંગે હાઈકોર્ટે ચુકાદો આપતા કહ્યું હતું કે, આર્થિક અનામત ગેરબંધારણીય છે. ગુજરાત હાઈકોર્ટે ૧૦ટકા ઈબીસી ક્વોટાને રદ કરવામાં આવ્યા બાદ ગુજરાતસરકારે સુપ્રીમ કોર્ટમાં અપીલ કરી હતી. સુપ્રીમ કોર્ટે પણ ગુજરાત સરકારની જોરદાર ઝાટકણી કાઢીને આની સામે વાંધો ઉઠાવ્યો હતો. પાટીદારોએ અનામતને લઈને આંદોલન શરૂ કર્યા બાદ પાટીદારોને ખુશ કરવાના હેતુસર તત્કાલિન મુખ્યમંત્રી આનંદીબેન પટેલ દ્વારા આંદોલનને રોકવાના હેતુસર ૧૦ ટકા ઈબીસી આપવાની જાહેરાત કરી હતી.

સુપ્રીમ કોર્ટે કહ્યું હતું કે, રાજ્ય સરકારે બિન અનામત કક્ષાના આર્થિકરીતે નબળા વર્ગ માટે ૧૦ અનામતની કરેલી જોગવાઈ હેઠળ શૈક્ષણિક સંસ્થાઓમાં જો પ્રવેશ આપી દેવામાં આવ્યો છે તો ચાલુ રાખવામાં આવશે પરંતુ હવે પછી આવા કોઈ પ્રવેશ આપી શકાશે નહીં. સરકારી નોકરીમાં બિન અનામત કક્ષાના આર્થિકરીતે નબળા વર્ગ માટે ૧૦ ટકા અનામતની કરેલી જોગવાઈને અમલી ન કરવાનો આદેશ કરવામાં આવ્યો હતો. સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગના પત્રથી પણ

● અનુસંધાન પાન-૭ પર

ભારત-ફ્રાંસ વચ્ચે યુદ્ધ વિમાનોના કરાર

૫૮૮૫૩ કરોડની મહાકાય ૩૬ રાફેલ યુદ્ધ વિમાનોની સમજૂતિ પર હસ્તાક્ષર કરાયા : છેલ્લા ૨૦ વર્ષમાં પ્રથમ ફાઈટર જેટ સમજૂતિ : ભારતીય હવાઈદળ પોતાના વિસ્તારમાં રહી વિમાનોથી પાકમાં રહેલા અડ્ડાઓને ફૂંકી મારવામાં સક્ષમ

નવી દિલ્હી,તા. ૨૩

ભારત અને ફ્રાંસ વચ્ચે આજે ૩૬ રાફેલ યુદ્ધ વિમાનોની સમજૂતિ ઉપર હસ્તાક્ષર કરવામાં આવ્યા હતા. આ સમજૂતિ ૭.૮૮ અબજ યુરો અથવા તો આશરે ૫૮૮૫૩ કરોડ રૂપિયાની છે. ભારતના સંરક્ષણ મંત્રી મનોહર પારીકકર અને ફ્રાંસના સંરક્ષણ મંત્રી બ્રિયાન દ્વારા આ સમજૂતિ ઉપર હસ્તાક્ષર કરવામાં આવ્યા હતા. આને છેલ્લા ૨૦ વર્ષમાં પ્રથમ ફાઈટર જેટ સમજૂતિ તરીકે ગણવામાં આવે છે. યુપીએ શાસનમાં રાફેલને લઈને જે સમજૂતિ થઈ હતી તેની સરખામણીમાં હાલની સમજૂતિમાં આશરે ૭૫ કરોડ યુરો અથવા તો ૫૬૦૧ કરોડ રૂપિયાની બચત થઈ રહી છે. મોદી સરકારે

યુપીએ વાળી સમજૂતિને રદ કરી દીધી હતી. વર્તમાન બિલમાં ૫૦ ટકાના ઓફસેટ કલોઝ પણ રાખવામાં આવ્યા છે. આનો મતલબ એ થયો કે ભારતીય કંપનીઓને આમા ઓછામાં ઓછા ત્રણ અબજ યુરો અથવા તો આશરે ૨૨૪૦૬ કરોડ રૂપિયાનો કારોબાર મળશે. રાફેલ વિમાન આધુનિક મિસાઈલોથી સજ્જ રહેશે. ડિલના કહેવા મુજબ ફાઈટર જેટની ડિલિવર કોન્ટ્રાક્ટની તારીખથી ૩૬ મહિનામાં શરૂ થશે.

● અનુસંધાન પાન-૭ પર

ગેરન્ટેડ ગિફ્ટ કુપન
અહીંથી કાપો
24

સુબ્રતા રોયના પેરોલ સુપ્રીમે નામંજુર કર્યા

પ્રોપર્ટીના સ્ટેટસ અંગે ખોટી માહિતી આપવા બદલ સુપ્રીમ લાલઘૂમ : સુપ્રીમ કોર્ટે સહારાના અન્ય બે ડિરેક્ટરોને પણ તિહાર જેલ ભેગા કરી દેવા માટેના આદેશ કર્યા

નવી દિલ્હી,તા. ૨૩

સહારાના વડા સુબ્રતા રોયની મુશ્કેલીમાં ફરી એકવાર વધારો થયો છે. તેમના તરફથી આપવામાં આવેલી ખોટી માહિતીના પરિણામ સ્વરુપે

● અનુસંધાન પાન-૭ પર

ગાંધીનગરમાં એરસ્પેસ હોટલનું નિર્માણ કરાશે

ગુજરાતમાં રેલવે સ્ટેશનોને આધુનિક બનાવવા તૈયારી : ગાંધીનગર રેલવે સ્ટેશનમાં ૨૫૪ કરોડના ખર્ચથી રેલવે સ્ટેશન એરસ્પેસ હોટલનું નિર્માણ કરાશે

ગાંધીનગર, તા.૨૩

ગાંધીનગર એક ગુજરાતનું આતરરાષ્ટ્રીય કક્ષાના એક્ઝીબીશનની અદ્યતન સુવિધા ધરાવતું શહેર છે અને હવે વડાપ્રધાનના વિઝનને સાકાર કરવા ગાંધીનગરના રેલવે સ્ટેશનનું રીડેવલપમેન્ટ અને આધુનિકરણ કરવામાં આવનાર છે. રાજયના મુખ્યમંત્રી વિજય રૂપાણી દ્વારા આ યોજનાને મંજુરી આપવામાં આવી છે અને આ માટે એક ખાસ કંપની રચના કરવા નિર્ણય લેવામાં આવેલ છે.

રાજય સરકારની આ કંપનીનો મુખ્ય ઉદ્દેશ ગાંધીનગર રેલવે સ્ટેશનનું આધુનિકરણ, રીડેવલપમેન્ટ, રેલવે સ્ટેશનના એર સ્પેસમાં ૩૦૦ રૂમની ક્ષમતા ધરાવતી હોટલનું નિર્માણ અને મહાત્મા મંદિર અને હેલીપેડ ગ્રાઉન્ડ ખાતે આવેલ એક્ઝીબીશન સેન્ટરના વિકાસનો છે. પી કે તનેજા, આઈએએસ, અધિક મુખ્ય, ઉદ્યોગ અને ખાણ વિભાગે રાજય સરકારના આ નિર્ણયની વિગત આપતા જણાવ્યું હતું કે, વાયબ્રન્ટ

● અનુસંધાન પાન-૭ પર

મુંબઈમાં વ્યાપક સર્ચ-કોમ્બિંગ ઓપરેશન

કમાન્ડો, પોલીસ, સુરક્ષા સંસ્થાઓ દ્વારા ઉંડી તપાસ જારી : તમામ મહત્વના સ્થળો પર સલામતી વ્યવસ્થા મજબૂત કરાઈ : બાળકોની મદદથી શકમંદો પૈકી એકનો સ્કેચ જારી કરાયું

નવી દિલ્હી,તા. ૨૩ | પૈકી એકનો સ્કેચ આજે જારી કર્યો | ઉપર રાખવામાં આવ્યા છે. ઉરીમાં | હાર્બરની નજીક વેસ્ટર્ન નેવલ કમાન્ડ | બુરખાધારીઓને વિદ્યાર્થીઓએ જોયા

ઉરીમાં આર્મી યુનિટ ઉપર ભીષણ હુમલો કરવામાં આવ્યા બાદ સતત ઉંડી તપાસ, સર્ચ અને કોમ્બિંગ ઓપરેશન દેશના જુદા જુદા ભાગોમાં ચાલી રહ્યું છે. શકમંદ લોકોને શોધી કાઢવા માટે મોટાપાયે ઓપરેશન ચાલી રહ્યું છે. બીજી બાજુ જમ્મુ કાશ્મીરમાં પણ ઓપરેશન ચાલી રહ્યું છે. નવી મુંબઈ પોલીસે મુંબઈથી ૪૭ કિલોમીટરના અંતરે ઉરનમાં બે સ્કૂલી બાળકો દ્વારા જોવામાં આવેલા શકમંદો હતો. આ શકમંદો ગુરુવારના દિવસે દેખાયા હતા. બે સ્કૂલી વિદ્યાર્થીઓ દ્વારા આપવામાં આવેલી માહિતી ઉપર આ સ્કેચ બનાવવામાં આવ્યો છે. મહારાષ્ટ્ર ગૃહવિભાગે એવા અહેવાલ આપીને ચિંતા વધારી દીધી છે કે, ઉરન નજીક સાતમી સપ્ટેમ્બરના દિવસે એક મળી આવેલી નૌકાના મામલામાં તપાસ ચાલી રહી છે.શકમંદોની શોધખોળ ચાલી રહી છે. મુંબઈ અને આસપાસના વિસ્તારોને હાઈએલર્ટ આતંકવાદી હુમલો કરવામાં આવ્યા બાદ વિદ્યાર્થીઓએ માહિતી આપ્યા પછી ખળભળાટ મચી ગયો છે. નેશનલ સિક્યુરિટી ગાર્ડના કમાન્ડો દિલ્હી અને મુંબઈમાં ઉંડી તપાસ કરી રહ્યા છે. કોમ્બિંગ ઓપરેશનોમાં નેવીના માર્કોસ કમાન્ડો, નવી મુંબઈ પોલીસ, ફોર્સ વન કમાન્ડો અને અન્ય સુરક્ષા જવાનો જોડાયેલા છે. હજુ સુધી કોઈની ધરપકડ કરાઈ નથી. સમગ્ર પ્રદેશ સંવેદનશીલ છે. મુંબઈમાં પણ છે. બીએઆરસી અને ઓઈલ ટર્મિનલ પણ અહીં આવેલા છે. નાનકડી જગ્યામાં મહત્વપૂર્ણ કેન્દ્ર સરકારી ઓફિસો આવેલી છે. ગઈકાલે સવારે ૬.૩૦ વાગે કુંભારવાડા વિસ્તારમાં જીએસસ્કૂલમાં જતી વેળા હતા. ૨૦ મિનિટના ગાળા બાદ એક વિદ્યાર્થીનીએ પણ કાળા વસ્ત્રોમાં છ બુરખાધારીને જોયા હતા. તેમની પાસે હથિયારો પણ હતા. બીજી બાજુ દેશના અન્ય ભાગોમાં પણ તપાસ ચાલી રહી છે.

ROOPKALA
The silver shop
માત્ર ચાંદીનો શો-રૂમ
199, District Shopping Center, Nr. Bank of Baroda, Sector - 21, Gandhinagar, Ph.232 48225

ટચુકડી જાહેર ખબર
દર ગુરુવારે-રવિવારે
જાહેરાત માટેનું
અસરકારક માધ્યમ
ગાંધીનગર સમાચાર
ફોન : ૨૩૨૨૨૫૭૧,
ફેક્સ : ૨૩૨૩૦૫૭૧

VAIBHAV FURNISHINGS INC.
RETAIL SHOWROOM & FACTORY OUTLET
DECOR Live beautiful | DC TEX FURNISHINGS | HOMES | COPPER | Kurl-on PU FOAM | SPRINGFIT
• SOFA FABRIC • CURTAIN FABRIC • WALLPAPER • FOAM • MATTRESSES • PILLOWS • BEDSHEETS
Time : 11 a.m. to 9 p.m.
8 , SIDDHRAJ ZORI , SARGAASAN - G'NAGAR
09414119651 , 09829719885 , 09462597151
Time : 9.30 a.m. to 7 p.m.
A-174, ELECTRONOICS ESTATE, G.I.D.C., SECTOR 26 ,G'NAGAR
09462597151 , 09414119651

આયુર્વેદિક દવાઓ
NAGARJUNA | BAN Since 1966 | Himalaya HERBAL HEALTHCARE | ZANDU | VASU Healthcare Pvt. Ltd. | Baidyanath | પતંજલિ | Dabur | SANDU | Charak
આયુર્વેદિક નિદાન કેમ્પ
દર શનિવારે સાંજે ૫ થી ૮
તપાસ ફી ૧૦૦ રૂપિયા
MNM WellCARE
Manoj M. Trivedi | 98793 48048
Opp. Shree Bhuvneshwar Temple, Cheap Type Shopping Center, Sector-6/D, Gandhinagar. Ph. : 079 - 23241415

જોઈએ છે (મેલ/ફીમેલ)
B-Mart Super Market
સિધ્ધરાજ ઝોરી, સરગાસણ ચોકડી, ખ-૦, એસ.જી.હાઈવે, ગાંધીનગર ખાતે તાત્કાલિક જોઈએ છે.
• સેલ્સમેન • એકાઉન્ટન્ટ
સુપરમાર્કેટ અથવા કપડાના શો રૂમના અનુભવી.
બાયોડેટા સાથે રૂબરૂ મળો. સંપર્ક : ૯૯૨૫૩ ૭૭૨૭૭

LIMBACHIA | LOUNGE
HAIR & BEAUTY SPECIALISTS
HAIR COLOURING, SMOOTHING, REBOUNDING, HIGHLIGHTS, HAIR SPA, HAIR CUT, STRAITNING, FACIAL, O3+
C-104/105, SWAGAT FLAMINGO, SARGASAN, GANDHINAGAR.
(સ્ટાફ જોઈએ છે)
M. : 99740 36895
WELLA PROFESSIONALS | L'ORÉAL | LOTUS HERBALS